# સરકારી વિનયન કોલેજ,કપરાડા

## દર્હીખેડ મુકામે તારીખ ૧૩/૦૨/૨૦૨૩ થી ૧૯/૦૨/૨૦૨૩સુધી યોજાયેલ NSS વાર્ષિક ખાસ શિબિર અહેવાલ - શૈક્ષણિક વર્ષ -૨૦૨૨-23

સરકારી વિનયન કોલેજ, કપરાડાના એન.એસ.એસ વિભાગ દ્વારા સાત દિવસીય એન.એસ.એસ.વાર્ષિક ખાસ શિબિરનું આયોજન કપરાડા તાલુકાના દર્હીખેડ ગામ મુકામે કરવામાં આવ્યો હતો. જેમા રાત્રી રોકાણની વ્યવસ્થા પ્રાથમિક શાળા દર્હીખેડ મુકામે કરવામાં આવી હતી તા ૧૩/૦૨/૨૦૨૩ ના રોજ કોલેજથી પ્રાથમિક શાળા દહીખેડ ખાતે પ્રસ્થાન કર્યું હતું. રોકાણના સ્થળે પહોંચી  સ્વયંસેવકોએ આવાસની સાફ-સફાઈ કરી હતી અને  સાંજના સમયે ગામના સરપંચશ્રી અને આગેવાનોની મુલાકાત કરી. ત્યારબાદ સ્વયંસેવકોએ રમતની મજા માણી, રમતબાદ ભોજનની તૈયારીમાં કેટલાક સ્વયંસેવકો જોતરાયા. ભોજન બાદ ટુકડીની વહેંચણી, આગળના દિવસનું આયોજન પ્રમાણેનું કાર્ય સુવ્યવસ્થિત રીતે થાય તેના સુચનો આપવામાં આવ્યા હતા. સંપૂર્ણ શિબિર દરમિયાન સાત દિવસના દૈનિક આયોજન પ્રમાણે કાર્ય થાય એ સુનિશ્ચિત કરવા સ્વયંસેવકોને આગ્રહ કરવામા આવ્યો હતો. સાત દિવસીય એન.એસ.એસ.વાર્ષિક ખાસ શિબિરનું આયોજન ડો ડી.એન.દેવરી સાહેબના માર્ગદર્શન હેઠળ કોલેજના એન.એસ.એસ પ્રોગ્રામ ઓફિસરશ્રી અનિષભાઈ સી. ગામીતની આગેવાનીમાં કરવામાં આવ્યો.

તારીખ.૧૪/૦૨/૨૦૨૩ ના રોજ પ્રાત: કાર્ય બાદ સવારની પ્રાર્થના બાદ શારીરિક કસરત, નાસ્તો કરી શ્રમકાર્ય કરવા માટે બધા ભેગા થયા. ઉદ્ઘાટન કાર્યક્રમ હોવાથી શ્રમકાર્ય શાળા પરિસરમાં જ કરવામાં આવ્યું. બધા સ્વયંસેવકોએ ટુકડી પ્રમાણે સોંપવામા આવેલ કામગીરી કરી. ત્યારબાદ ઉદ્ઘાટન કાર્યક્રમની તૈયારીમાં બધા જોડાયા હતા. લગભગ ૧૧:૩૦ કલાકે કાર્યક્રમની શરૂઆત થઈ કાર્યક્રમની શરૂઆત ભારતીય સંસ્કૃતિ અનુસાર દીપપ્રાગટ્ય અને કોલેજની વિર્ધાર્થીનીઓ દ્વારા પ્રાર્થના રજૂ કરવામાં આવી. ત્યારબાદ ઉપસ્થિત સર્વ મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું. જેમાં મુખ્ય ઉદ્ઘાટકશ્રી ગજુભાઈ કે. ધાકલ (સરપંચશ્રી) નું સ્વાગત સ્વયંસેવક  ધૂમ મહેન્દ્રએ કર્યું. ત્યારબાદ મુખ્ય મહેમાનશ્રી પરસુતભાઈ ફકીર વડવલે (તાલુકા પંચાયત સભ્ય) નું સ્વાગત શાહરી કૃણાલે કર્યું. રમજુ ભાઈ તુળજી મુહુંડકર (માજી તાલુકા પંચાયત સભ્ય) નું સ્વાગત નિકુળીયા સંતોષએ કર્યુ. પ્રાથમિક શાળા દહીખેડના આચાર્યશ્રી કુલદીપ ડી. ગઢવીનું સ્વાગત તુમડા મનીષાએ કર્યું. સરકારી વિનયન  કોલેજના આચાર્યશ્રી ડો .ડી .એન .દેવરી સાહેબનું સ્વાગત ગાંવિત વૈભવીએ કર્યું હતું. તેમજ સરકારી માધ્યમિક શાળા  દહીખેડ ના શિક્ષક અમ્રતભાઈ એલ.મોકાશીનું સ્વાગત એન. એસ. એસ. પ્રોગ્રામ ઑફિસરશ્રી અનિષભાઈ સી.ગામીત દ્વારા કરવામાં આવ્યું. કાર્યક્રમ ના પ્રારંભમાં પ્રોગ્રામ ઓફિસરશ્રી એ એન. એસ. એસ. વિશે ટૂંકો પરિચય આપ્યો. કાર્યક્રમનું પ્રાસંગિક ઉદ્દબોધન કોલેજના આચાર્યશ્રી ડો. ડી. એન. દેવરી સાહેબ દ્વારા કરવામાં આવેલ. તેમણે બાળપણનું જીવન અને સ્વયં શિસ્ત વગેરે મુદ્દા પર ઉદાહરણ સાથે જણાવ્યા હતા. ત્યારબાદ શાળાના આચાર્ય શ્રી કુલદીપ ડી. ગઢવી સાહેબ દ્વારા સંસ્થાનો પરીચય, બાળકોમાં મૂલ્ય ઘડતર અંગે સમજ આપી હતી અને શાળામાં ચાલતી પ્રવૃતિ વિષે વિસ્તૃત માહિતી આપી હતી. “આજનો દીપક” માં શાળાના બાળકના જન્મદિવસની સમૂહમાં ઉજવણી  કરવામાં આવી.  આ કાર્યક્રમમાં અત્રેની કોલેજના હિન્દી વિષયનાં સિનીયર પ્રાધ્યાપક ડો. પ્રફુલ્લ બી. કુરકુટિયા, ગ્રંથપાલશ્રી અમિત.એન. પરમાર અને શ્રી વિમલ જાદવ પણ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની આભારવિધી તુમડા કાજલ દ્વારા કરવામાં આવી.  એન એસ એસ સોંગ ગાઈને કાર્યક્રમની પૂર્ણાહુતિ  કરવામાં આવી. બપોરના સમયે થોડા વિશ્રામ બાદ બૌધિક સેશનમાં ગુજરાતીના અધ્યાપક ડો. વિરેન્દ્રભાઈ આર વસાવા દ્વારા કારકિર્દી માર્ગદર્શન અંગે સ્વયં સેવકોને  પોતાના જીવનના અનુભવો અને અંગ્રેજી નવલકથાને કેન્દ્રમાં રાખી જીવનમાં સતત પ્રયત્નશીલ રહી જીવનમાં ક્યારેય નાસીપાસ ન થવા અને પોતાનો ધ્યેય સિદ્ધ કરવા પ્રોત્સાહન અને પ્રેરણા પૂરી પાડી.

તારીખ ૧૫/૦૨/૨૦૨૩ ના રોજ પ્રાત: કાર્ય પૂર્ણ કર્યા બાદ તમામ સ્વયં સેવકો દ્વારા ગામમાં પ્રભાત ફેરી કરવામાં આવેલ. ત્યાંથી આવ્યા બાદ પ્રાર્થના, યોગા અને હળવી કસરત કરવામા આવી હતી. ત્યારબાદ ચા, નાસ્તો કરી નિયમિત પ્રવૃતિ અનુસાર ગામમાં સફાઈ કાર્ય કર્યું હતું, સાથે ગામમાં આવેલ મેદાન માંથી પ્લાસ્ટિકનો નિકાલ કરવામાં આવ્યો હતો. બપોર ના ભોજન કર્યા પછી બોધિક વ્યાખ્યાન યોજવામા આવ્યું હતું જેમા વકતા તરીકે પ્રા શાળા દર્હીખેડના શિક્ષિકા શ્રીમતી શીતલબેન નાગરભાઈ પટેલે શિક્ષણના મહત્વ અંગે  વાત કરી હતી. કપરાડા, ધરમપુર તાલુકાઓમા ઓછા શિક્ષણ અંગેના એમના સર્વે અનુસાર ૧૫ થી ૩૫ વર્ષ ની વય ધરાવતા વધુ નિરક્ષર જોવા મળ્યો હતો સાથે આર્થિક કારણ મુખ્ય પરિબળ ઓછા શિક્ષણ માટે જવાબદાર છે એવું  જણાવેલ સાથે વધુ અભ્યાસ કરવા અને સતત પ્રયત્ન કરવા તેમજ જીવનમાં ધ્યેય નક્કી કરી આગળ વધવા માટે પ્રેરણા અને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. સાંજ ના સમયે વિદ્યાર્થીઓ દ્વારા ગામમાં ફરી-ફરીને મુલાકાત લઈ સામાજિક તથા આર્થિક સર્વે કરવામાં આવ્યો હતો અને હાલની સમસ્યાઓ, પડકારો અને પરિસ્થિતિ ની જાણકારી મેળવી હતી. રાત્રી ભોજન બાદ અત્રેની કોલેજના ગુજરાતી વિષયનાં પ્રાધ્યાપક શ્રી એમ. પી. પટેલ સાહેબ દ્વારા બૌધિક વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવેલ હતું જેમાં "સેવા શું છે"? સેવાનો ઉદ્દેશ્ય શું એ વિષય પર માર્ગદર્શન પુરું પાડ્યું હતું. પ્રથમ જન સેવા એજ પ્રભુ સેવા, અને સેવા નિ:સ્વાર્થ ભાવે, પ્રામાણિક રીતે કરી આપણે સમાજ માટે કંઈક કરવાની ભાવના જાગૃત કરવા વિનંતી કરી સાથે ગાંધીજી, મધર ટેરેસા, રવિશંકર મહારાજ, કઠીયારાની વાર્તા દ્વારા ગમે તેવી પરિસ્થિતિમાં મદદ, પ્રેમ, સહાય અને ઉપયોગી બનવા જણાવેલ.

તારીખ ૧૬/૦૨/૨૦૨૩ ના ચોથા દિવસે સવારે નિત્યક્રમ પૂર્ણ કર્યા બાદ પ્રાર્થના, હળવી કસરત અને યોગા કરવામા આવ્યા હતા. ત્યારબાદ ગામમાં સફાઈ અભિયાનમાં પ્લાસ્ટિક કચરાનો નિકાલ, વૃક્ષોની ફરતે ગોડવાનું કામ કરી પથ્થર મૂક્યા હતા. બપોરના ભોજન બાદ બૌધિક વ્યાખ્યાન યોજવામાં આવેલ હતું જેમા  અત્રેની  કોલેજના આચાર્યશ્રી દ્વારા વ્યક્તિગત જીવનમાં NSS કેટલુ મહત્વ છે તથા કારકિર્દી ઘડવામાં તેનુ મહત્વ ખૂબ જ અસરકારક રીતે ઉદાહરણ દ્વારા વિધાર્થીઓને સમજણ આપી, પોતાનો વ્યક્તિગત અનુભવ પણ રજૂ કરેલ હતો. ત્યારબાદ સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, ભિલાડનાં પ્રોગ્રામ ઓફિસરશ્રી ધર્મેશભાઈ પટેલ દ્વારા NSS CAMP નું મહત્વ, સેવા, ઉપયોગિતા અને સમાજ